વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના પાંચ નિગમને સીધા ધિરાણ યોજના અંતર્ગત ત્રીજા હપ્તાની ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ ૨૦૨૩-૨૪)

**ગુજરાત સરકાર,**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

**ઠરાવ ક્રમાંક:- SJED/MSM/e-file/17/2023/2413/A-1(PF-1)**

સચિવાલય, ગાંધીનગર.

તા:૨૨/૧૨/૨૦૨૩

**વંચાણમાં લીધા:-**

(૧) આ વિભાગનો તા:૩૧/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file17/2023/0003/A-1

(૨) આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૫/૧૦/૨૦૨૩ અને તા.૦૨/૧૧/૨૦૨૩ના ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણનો તા.૦૭/૧૧/૨૦૨૩નો પત્ર ક્ર:DDCW/0049/11/2023 (File No.DDCW/Corp/e-file/225/2023/0398/Corporation)

**આમુખ:-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા:૩૧/૦૮/૨૦૨૩ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે આ વિભાગના વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થયેલ રૂ.૧૧૦૦૦.૦૦ લાખની નવી બાબતને નિગમ દીઠ લોનની રકમની ફાળવણી કરીને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-(૨) અને (૩) પરના તા.૨૫/૧૦/૨૦૨૩ અને તા.૦૨/૧૧/૨૦૨૩ના ઠરાવોથી વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થયેલ રૂ.૧૧૦૦૦.૦૦ લાખની જોગવાઇમાંથી સીધા ધિરાણ યોજના અંતર્ગત પ્રથમ અને બીજા હપ્તાની ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલ છે. હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૩) પરના તા.૦૭/૧૧/૨૦૨૩ના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થયેલ રૂ.૧૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈમાંથી ત્રીજા ત્રિમાસિક હપ્તા પેટેની રૂ.૨૭૫૦.૦૦ લાખની (૨૫% મુજબ) ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

**૧.** પુખ્ત વિચારણાના અંતે, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં થયેલ રૂ.૧૧૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી નિગમવાર નીચેના પત્રકના કોલમ-૪માં જણાવ્યા મુજબ ત્રીજા ત્રિમાસિક હપ્તા પેટેની કૂલ રૂ.૨૭૫૦.૦૦



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Dec-2023 (12:41 PM)

લાખની (૨૫% મુજબ) ગ્રાન્ટ, પત્રક નીચે જણાવેલ શરતોને આધીન સંબંધિત નિગમોના હવાલે મૂકવાની આથી મંજૂરી આપવા આપવામાં આવે છે.

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | નિગમનું નામ | જોગવાઇ | ત્રીજો હપ્તો (૨૫% લેખે) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૨ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૧૨૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૫૧૦૦.૦૦ | ૧૨૭૫.૦૦ |
| ૪ | ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૧૫૦૦.૦૦ | ૩૭૫.૦૦ |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૧૨૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| | **કુલ** | **૧૧૦૦૦.૦૦** | **૨૭૫૦.૦૦** |

**શરતો:**

1. ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ લી, ગુજરાત અલ્પ સંખ્યક નાણા વિકાસ નિગમ લી. અને ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લી.ને વર્ષ ૨૦૨૧-૨૨ સુધીના હિસાબો પ્રુફ સીસ્ટમમાં અપલોડ કરવાની શરતે ગ્રાન્ટ સંબંધિત નિગમોના હવાલે મૂકવાની મંજુરી આપવામાં આવે છે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક સંબંધિત નિગમોના હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
3. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
4. સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
5. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
7. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.
8. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Dec-2023 (12:41 PM)

9. હવે પછીની મળવાપાત્ર ગ્રાન્ટ માગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

**૨.** આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર:૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓના કલ્યાણ માટે લોન, ગૌણ સદર:૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર:૦૮ ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સમાન ફાળા માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને લોન હેઠળ આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

**3.** આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૯/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Dec-2023 (12:41 PM)

**(કલ્પના રાણા)**

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક.મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. સચિવશ્રી (આ.બા.)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
10. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
12. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

13. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
14. સેકશન અધિકારીશ્રી (ક), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
15. સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
16. સેકશન અધિકારીશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
17. સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
18. પસંદગી ફાઇલ-૨૦૨૩.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Dec-2023 (12:41 PM)